THE FREE INDOLOGICAL COLLECTION

WWW.SANSKRITDOCUMENTS.ORG/TFIC

# FAIR USE DECLARATION

This book is sourced from another online repository and provided to you at this site under the TFIC collection. It is provided under commonly held Fair Use guidelines for individual educational or research use. We believe that the book is in the public domain and public dissemination was the intent of the original repository. We applaud and support their work wholeheartedly and only provide this version of this book at this site to make it available to even more readers. We believe that cataloging plays a big part in finding valuable books and try to facilitate that, through our TFIC group efforts. In some cases, the original sources are no longer online or are very hard to access, or marked up in or provided in Indian languages, rather than the more widely used English language. TFIC tries to address these needs too. Our intent is to aid all these repositories and digitization projects and is in no way to undercut them. For more information about our mission and our fair use guidelines, please visit our website.

Note that we provide this book and others because, to the best of our knowledge, they are in the public domain, in our jurisdiction. However, before downloading and using it, you must verify that it is legal for you, in your jurisdiction, to access and use this copy of the book. Please do not download this book in error. We may not be held responsible for any copyright or other legal violations. Placing this notice in the front of every book, serves to both alert you, and to relieve us of any responsibility.

**If you are the intellectual property owner of this or any other book in our collection, please email us, if you have any objections to how we present or provide this book here, or to our providing this book at all. We shall work with you immediately.**

**-The TFIC Team.**

॥ અથ ॥

# શ્રી જૈન સ્તવનાવલી દ્વિતીય ભાગ પ્રારંભઃ

॥ પદ પહેલું ॥

॥ છે જનપાલક ટાલક દુઃખનો, એ રાગ. ॥

॥ શ્રી અરિહંત તું છે દયાલુ, અરજી સુણીજે કૃપાલુ ॥ પ્રણામ કરિયેં વારંવાર, શેવકના છો તુમે આધાર ॥સાહ્ય થાઓ શ્રી માહારાજ, ગુણ ગાઇયેં તમારા આજ ॥ શ્રી અ૦ ॥ ૧ ॥ જગ તારક પ્રભુ નામ તુમારો, ભવજલ પાર ઉતારો ॥ અશ્વશેનકે કુલમેં ચંદ, વામા દેવી કે હૈ નંદ ॥ નાગકું તારચો સારચો કાજ, સુર પદવી દીધી માહારાજ ॥ શ્રી અ૦ ॥ ૨ ॥ શ્રી ચિંતામણ ચિંતા ચૂરે, મનવંછિત સવિ પૂરે ॥ અષ્ટ દ્રવ્યસેં પૂજા કરાવે, રોગ શોક સહુ સંકટ જાવે ॥ હુવે જયજયકાર, વદે સહુ નર નાર ॥ શ્રી અ૦ ॥૩॥ ચંદ કેશરી પ્રભુ ગુન ગાવે, રિદ્ધ સિદ્ધ જસ પાવે ॥ જૈન પ્રકાશક મંડલી દાસ, શ્રી ધની તુમ પૂરો આશ ॥ શિવપુર દીજે શ્રી માહારાજ, પનો રહે પ્રભુ મેરી લાજ ॥ શ્રી અ૦ ॥ ૪ ॥

॥ પદ બીજું. ॥

॥ કર કર કર કર કરગ, એ રાગ ॥

॥ શ્રી ચિંતામણિ પાસ, પૂરો મન આશ ॥ રખિ યે મેરી લાજ, સારો વંછિત કાજ ॥ શ્રી ચિં૦ ॥ ૧॥ અશ્વસેન ચંદ, વામા દેવી નંદ ॥ અહીલંછન સોહે, સહુ મન મોહે ॥ શ્રી ચિં૦॥ ૨ ॥ અરજબી હમારી, દયા દિલ ધારી ॥ સંકટ નિવારો, દાસકુંની હારો ॥ શ્રી ચિં૦ ॥ ૩ ॥ શ્રી જૈન પ્રકાશ મંડલી, કરે અરદાસ, સંઘની પૂરો આશ, ચંદ ગોપાલ દાસ ॥ શ્રી૦ ॥ ૪॥

॥ પદ ત્રીજું ॥

॥ શોભેં સુશોભિત સુંદર સાજ ॥ એ રાગ ॥

॥નવકાર સાર છે જગત આધાર; ધરૂં હ્રદય ધ્યાન, ઊતારે ભવપાર ॥નવ૦॥ ટેક॥ અરિહંત સિધ્ધ આચારજ સાર; પાઠક મુનિવર સોહે સુખકાર ॥ ધરૂં૦ ॥ ૧ ॥ એહ નવકાર છે ચૌદ પૂરવ સાર; સુર નર મુનિવર નહીં પામે પાર ॥ ધરૂં૦ ॥ ૨ ॥ નવ લાખ જપે શુધ્ધ મન ધાર; નરક નિવારી પામે ભવ પાર ॥ ધરૂં૦ ॥૩॥ રોગ શોક જાવે હોવે જયજયકાર, અષ્ટ સિદ્ધિ નવ નિધિ પામે નિરધાર ॥ ધરૂં૦ ॥ ૪ ॥ કલ્યાણ નિધાન

કહે સુવિચાર, ચંદગોપાલકું હોજો આધાર ॥ ધરૂં૦ ॥ ૫ ॥

॥ પદ ચોથું ॥

॥સાબાશસાબાશ છિનાહારી જાતને રે॥ એ રાગ॥

॥જાણ જુઠું જીવિત ખરૂં માન્યમાં રે, રાખ ધ્યાનમાં રે॥ જીવ૦ ॥ ટેક ॥ આ જગની તો જૂઠી કાયા, જૂઠી મોહભરેલી માયા, કાચકૂપ છે કાયા॥રાખ ધ્યાનમાં રે ॥ જીવ૦ ॥ ૧ ॥ કિસકી માતા કિસકા ભાઇ, કિસકી જોરૂ લોક લુગાઇ॥ સ્વારથકી સગાઇ ॥રાખ ધ્યાનમાં રે ॥ જીવ૦ ॥ ૨ ॥ પ્રભુ નામકું હૃદયેધરના, એ રીતે રેહેગા શરના, ભવ સાયર તરના ॥ રાખ ધ્યાનમાં રે ॥ જીવ૦ ॥ ૩ ॥ કલ્યાણ નિધાન પ્રભુ ગુણગાવે, જૈનપ્રકાશ ફલ સો પાવે, ચંદ ગોપાલ ગાવે ॥ રાખ ધ્યાનમાં રે ॥ જીવ૦ ॥ ૪ ॥ ઇતિ ॥

॥ પદ પાંચમું ॥

॥ ઠુમરી—મેહેર કર માહારી ઉપર બાબરા ॥ એ રાગ ॥ કર કર મહેર કર શ્રી માહારાજ, કર જોડી કરૂં અરજી આજ ॥ કર૦ ॥ ટેક ॥ કરૂણાપતી શ્રી શાંતિમાહારાજ, શાંતિકરીપૂરે સબ કાજ, તુંહી—દ—યા—લુ—દે—વ—કૃ—પા—ક—રી—રા—ખો—લાજ ॥૧ ॥

કલ્પતરૂ સરિખા છો સાહેબ રે, ઈચ્છા પૂરો મેરી સહુ આજ ॥ તા–રી–કૃ–પા–થી–પૂ રી–થ–શે–મે–રી–ઇ–ચ્છા–આ–જ ॥ કર૦॥૨॥ કલ્યાણનિધાન પ્રભુ ગુન ગાવે, ચંદ ગોપાલકી રાખો લાજ ॥ જૈ–ન–પ્ર–કા–શ–ક–રો–પ્ર–તી–પા–લ–મા–હા–રા–જ ॥કર૦ ॥ ૩ ॥

॥ પદ છઠું ॥

॥ કહાં ગયો શાહાજાદો જાની પ્યારો ॥ એ રાગ ॥

॥ કહાં ગયો નેમજી પ્યારો, જીવ તડપે છે હમારો રે ॥ કહાં૦ ॥ ટેક ॥ જંગલ જંગલ ઢુંઢ ફિરી હું, નહીં પાયો શ્યામ હમારો રે ॥ કહાં૦ ॥૧॥ સહસા બનકો રાહ બતાદો, જિહાં બસે નેમજી પ્યારો રે ॥ કહાં૦ ॥ ૨ ॥ રાજુલકું ગિરનાર ઉપર, શ્યામ મિલ્યા સુખકારો રે ॥ કહાં૦ ॥ ૩ ॥ ચંદ ગોપાલકું હોજો સદાઇ, ચરનકો શરન તુમારો રે ॥ કહાં૦ ॥ ૪ ॥ ઇતિ ॥

॥ પદ સાતમું ॥

॥ પ્રભુ કેમ કરૂં ક્યાં જાઉં, નથી કાંઇ સૂજતું

॥ એ રાગ ॥

॥ પ્રભુ નેમ ગયે ગિરનાર, સખી કેમ કીજીએં, બિના દેખે પડે નહીં ચૈન, પલક જુગ લીજીએં ॥ ૧ ॥ પ્રભુ

સમુદ્ર વિજય કુલચંદ, શિવા દેવી નંદન ॥ થારો જ
ન્મ શૌરીપુર નગ્ર, તીન લોક વંદન ॥ ૨ ॥ પ્રભુ
જાન સમુદા સહિત, આવ્યા આપ પરણવા ॥
જ્યેષ્ઠ બલભદ્ર વીર સહિત, કૃષ્ણા આદે જાદવા
૩ ॥ પ્રભુ પાણી ગ્રહણકે કાજ, રાજુલ મન ભાવિ
યા ॥ પશુઅનકા સુણી પોકાર, દ્વારામતી ચાલિયા ॥ ૪ ॥
પ્રભુ નેમ સુણો મોરી અરજ, કહું કર જોડીને ॥ પાણી
ગ્રહણ પરિત્યાગ, પધારે રથ મોડીને ॥ ૫ ॥ સ્તુતિ
રાજુલ કીની અપાર, પધારે ગિરનારજી ॥ પ્રભુ રાજુ
લ સહિત સનાથ, ગયે મોક્ષ પારજી ॥ ૬ ॥ ગુણ અ
પરંપાર છે નાથ, દયા દિલ આણિયે ॥ ચંદ [illegible]
પાઠકદાસ, પોતાના જાણિયે ॥ ૭ ॥

॥ પદ આઠમું ॥

જીવ માહારો ગભરાય છે, કરવું મારે કેમ ॥ એ રાગ ॥
॥ ચિંતામન પાસ પ્રભુ, અરજ હે માહારાજ, અ
રજ હે માહારાજ સુનો, અરજ હે માહારાજ ॥ ચિં [illegible]
ટેક ॥ અશ્વસેન પિતા જાકે વામા દેવી માત, [illegible]
તારચો જી, આપે હુઓ [illegible]
મા દીક્ષા લીએ શિક્ષા દીએ, [illegible]
જો નૃત્ય કરે, [illegible]

કર્મ ક્ષય કરી પ્રભુ, મુગતી ગએ રાજ, કરમ આધી ન જગતછે આ, કરપા કરો આજ ॥ ચિંતા૦ ॥ ૩ ॥ સહેર મુંબઇમાં પ્રભુ, આપકો આધાર, આપ હો સ નાથ પ્રભુ, તારો ભવપાર ॥ ચિંતા૦॥ ૪ ॥ ચંદ કેશ રીકા પ્રભુ, ગુન પદ્મ શીશ, અલ્પ મતિ અરજ કરૂં, આપહો જગદીશ ॥ ચિંતા૦ ॥ ૫ ॥

॥ પદ નવમું. ॥

॥ કે આ ગાલ ગુલાબી તેરે ॥ એ રાગ ॥

॥ શ્રી શાંતિ માહારાજજી, મેરે મનમેં તુહીં વસે ॥ ઓર દેવ માનું નહીં, એકદિલ તુંહીં વશે ॥ શ્રીશાં તિ૦॥ ટેક ॥ કોઇકે મનમેં બ્રહ્માહે, કોઇકે દિલમે હયે રામ ॥ કોઇકે દિલમેં માહાદેવ હે, કોઇકે હરિનામ ॥ શ્રી શાંતિ૦॥ ૧ ॥ કોઇપૂજે હનુમાનકું, કાહુકે ર હીમાન ॥ એ દેવ મેં માનુનહીં, એકતુંહી મેરે હે ધ્યાન ॥ શ્રીશાંતિ૦॥ ૨ ॥ પૂજા કરૂં આપકી, ઓર દેવ પૂજું નહીં ॥ ગુન ગાઉં મેતો તાહરા, એ નિશ્ચય મેરે સહી ॥ શ્રીશાંતિ૦ ॥ ૩ ॥ કેશરીચંદ પાઠક પ્રભુ, ધ્યાન નિત્ય ધ્યાવે, અન્ય દેવ છોડી એક, ગુન તેરા ગાવે ॥ શ્રીશાંતિ૦ ॥ ૪ ॥

॥ પદ દશમું ॥

॥ ન આવે મોકોં એક પલ નિંદ ન આવે ॥ એ રાગ ॥

॥ એજી પ્રભુ દરસનકું મેં તો જાઊંરી, દરશ કિયાજી યા, સુખ પાઉં સુખ પાઉં ॥ પ્રભુ૦॥ ટેક ॥ શ્રી સંભવ જિનરાજકી મૂરત, દેખત બહુ ફલ પાઊં ॥ ફલ પાઊં ॥ પ્રભુ૦ ॥૧॥ ભાત ભાતકી આંગી રચાઉં, ફૂલકી માલા પહેરાવું ॥ પેહેરાવું ॥ પ્રભુ૦ ॥ ૨ ॥ અષ્ટ દ્રવ્યસેં પૂજા કરાવું, મનવંચ્છિત ફલ પાઊં ॥ ફલ પાઉં ॥ પ્રભુ૦ ॥ ૩॥ ચંદ ગોપાલ ચરણ કમલકે, નિશદિન તુમ ગુન ગાઊં ॥ ગુન ગાઊં ॥ પ્રભુ૦ ॥ ૪॥

॥ પદ અગીઆરમું ॥

॥ રાગ બનજારા ॥ હુઇ શુબા નિકલ ગયા તારા ॥ એ રાગ ॥ ચાલો સિદ્ધાચલ પ્યારા, જ્યું પાપ હોવે સઉ ન્યારા ॥ ચાલો૦ ॥ટેક॥ એક નેમ બિના ત્રેવીશ તહાં, સમોસરેયા જગદીશજી, જિહાં સિદ્ધા સાધુ અપારા ॥ જ્યું પાપ૦ ॥ ૧ ॥ પૂરવ નવાણું આવ્યા, સુરનર મુનિવર ગુન ગાવ્યાજી, શ્રીઆદિશર સુખકારા ॥ જ્યું પાપ૦ ॥ ૨ ॥ પ્રભુ વિમલ બસહી બિરાજે, તિહાં બિંબ અનેકુ છાજેજી, મુતિ બસહિકું જુહારા ॥ જ્યું પાપ૦ ॥ ૩ ॥ પ્રભુ બાલા બશીમે જિનંદા, નિરખ્યાહી સુ

ખકંદાજી, કયા પ્રેમા બસહિ શોહાવ્યા ॥ જ્યું પા પ૦ ॥ ૪ ॥ ફિર હેમા બસહીકું જુહારો, ઉજમ બશી મન ધારોજી, જિહાં નંદીસર ભાવન્યારા ॥ જ્યું પાપ ૦ ॥૫॥ સાકર બસહી જે જાવે, ભેટંયા સુખ ઉપજાવે જી, કયા છીપા બસહિ શોહે પ્યારા ॥ જ્યું પાપ૦ ॥ ૬ ॥ ખરતર બસહિમેં જિનંદા, ચોમુખ શોહે સુખકંદાજી, એહ નવ બસહિકું જુહારા ॥ જ્યું પાપ૦ ॥ ૭ ॥ મેં ગિરિવર દરશન પાયા, ગુન ચંદકેશરી ગાયાજી, ક્યા તીરથ શોહે પિયારા ॥ જ્યું પાપ૦ ॥ ૮ ॥

॥ પદ બારમું ॥

॥ તું ન કર અપને લીએ તદબીર અપને હાથસેં ॥

॥ એ રાગ ॥

॥ નેકી કરની સો કરલે પિયારા, યા બખ્તજાવે હાથસેં, ફિર બખ્ત મિલનેકી નહી, યું કાલ જાંવે હાથ સેં ॥ નેકી૦ ॥ એ ટેક ॥ ઊત્તમ કુલમેં જન્મ લીએ, જૈન ધરમ પાયે હો ॥ જિનરાજકું દદે ધરકેં, કુછકરની કરલે હાથસેં ॥ નેકી૦ ॥ ૧ ॥ ધન દોલતકે જોરમેં, બૈઠે અભિમાનમેં ॥ ધરમ હોગા જબ કુછ, દાન દીએ અપને હાથસેં ॥ નેકી૦ ॥૨॥ થોડે કાલકે લીએ ક્યું, અભિમાન કરે જીવ ॥ ગરવ કીયો રાવણું તો, મારયો ...

ક્ષમન અપને હાથસેં ॥ નેકી૦ ॥ ૩ ॥ જાકી દુનીયા જૂઠીમાયા, સચ્ચા જિનધરમ હે ॥ ભવ સમુદ્રસેં તરણા હોય તો, કુછ સુકૃત કરલે હાથસેં ॥ નેકી૦ ॥ ૪ ॥ ચંદ ગોપાલ કહે પ્રાણી, કરની સો તો કરલે ॥ અબ બખત આનેકીનહી, ફિર પસ્તાવોગે હાથસેં ॥ નેકી૦ ॥ ૫ ॥

॥ પદ તેરમું ॥

॥ હાએ હાએ મેરે ભાઇ ॥ એ રાગ ॥

॥ ચોવીશે માહારાજકું, કરૂં નિત્ય પ્રણામ ॥ દિનાનનાથકું પ્રણામ ॥ ચોવીશે૦ ॥ ટેક ॥ રિષભ અજિતનાથ પ્રભુ, સંભવનાથ મહારાજ ॥ અભિનંદનકુ પ્રણામ ॥ ચોવીશે૦ ॥ ૧ ॥ સુમતિ પદ્મસુપારશનાથ, આઠમા ચંદ્રપ્રભુ ॥ સુવિધિકું કરૂ પ્રણામ ॥ ચોવીશે૦ ॥ ૨ ॥ શીતલ શ્રેયાંસ પ્રભુ, વાસપૂજ્ય વિમલનાથ ॥ અનંતનાથકું પ્રણામ ॥ ચોવીશે૦ ॥ ૩ ॥ ધરમ શાંતિ કુંથુ પ્રભુ, અેાર મલ્લિજિનરાજ ॥ મુનિસુવ્રતકું પ્રણામ ॥ ચોવીશે૦ ॥ ૪ ॥ નમી નેમ પારશ પ્રભુ, માહાવીર માહારાજ ॥ એ ચોવીશકું પ્રણામ ॥ ચોવીશ૦ ॥ ૫ ॥ ચંદગોપાલ ગુન ગાવે, જૈનપ્રકાશક દાશ, કરૂં મેં બહુ પ્રણામ ॥ ચોવીશે૦ ॥ ૬ ॥

॥ પદ ચૌદમું ॥

॥ કાશીદા લાદે ખબર ॥ એ રાગ ॥

॥ સખિરી ના રહું મેં ગિરનાર, જાઉંગીમેં ગિરનાર ॥ જાઉંગી મેં ગિરનાર ॥ જાઉંગી० ॥ સખી० ॥ ટેક ॥ સુનો સખી બાતમેરી, સમજાકે લાવો પ્યારા ॥ એક રતી ચેન નહીં, કેસે દિન ગમાઉંગી ॥ સખી० ॥ ૧॥ એ દેખો કૌન રીત હે, તોરનસેં ગએ પ્યારા ॥ સહ સાવન ગએ પ્રભુ, મેંભી તિહાં જાઉંગી ॥ સખી० ॥ ૨ ॥ મેં તો ગિરનાર જાઊં, જહાં બસે કંત મેરા ॥ પ્યારેસેં દીક્ષા લેકેં, મોક્ષ પદ પાઉંગી ॥ સખી० ॥ ૩ ॥ પ્રભુ તોરે ચરણકી શરણ, મુજે હોજો સદા ॥ કેશર કહે પ્રભુ, ગુન તેરા ગાઉંગી ॥ સખી० ॥ ૪ ॥

॥ પદ પંદરમું ॥

॥ હાંરે મારે આસોમાસેં સરદ પૂનમની રાતજો ॥ પશુડા દેખીને રથ પાછો વલેરે લોલ ॥૧॥ હાંરે મારે તોરણ આયા જોર ન કીધો નાથજો ॥ હમોથી અબોલા લીધા નંહી રહેરે લોલ ॥ ૨ ॥ હાંરે મારે અંતરજામી અબલાના આધારજો ॥ ચાહીને આવો તો કરિયેં ચાકરીરે લોલ ॥ ૩ ॥ હાંરે મારે જોબનીઆંનો લટકો દાહડા ચારજો ॥ જતુંરે જોબનિયું રાખ્યું નહીં રહેરે લોલ ॥

૪ ॥ હાંરે મારે કાળા ફીટી ધોળા થાશે કેશજો ॥ જાતુ રે જોબનિયું થાશે જુજુ હુરે લોલ ॥ ૫ ॥ હાંરે મારે સરસ્વતી દેવી.જાદવ કુલેસણગારજો ॥ ગરથરે મલ શે પણ ગુણ નહીં મલેરે લોલ ॥ ૬ ॥ હાંરે મારિ રાજુ લ સરિખો લાગ્યો છે ઉપદેશજો ॥ ઉદયરતન કહે સુણ જામોરી વિનતિરે લોલ ॥ ૭ ॥

॥ પદ સોલમું ॥

॥ બંતાદે સખી કૌન ગલી ગયો શામ ॥ એ રાગ ॥

॥ સખીરી મેરો નેમ ગયો ગિરનાર, નેમ ગયો॥ ગિરનાર ॥ સખી૦ ॥ટેક॥ કોઇસખીરી પીયાકોં મના વો, દેઉં નવસર હાર ॥ સખી૦ ॥ ૧ ॥ મોહે બિ સારિ ગએ ગિરનારી, પરણી સંજમ નાર ॥ સખી૦ ॥ ૨ ॥ સહસાબંનમેં નેમ વંદનકું, ચલી રાજુલ નં ર ॥ સખી૦॥ ૩ ॥ કેશરીચંદ ચરણ કમલકું, વંદે વારંવાર ॥ સખી૦ ॥ ૪ ॥

॥ પદ સત્તરમું ॥

॥ શ્રીચિંતામનપાસ, પુરો મન આશ ॥ અરજ કરૂ માહારાજ, મોકો તારો ભવપાર ॥ ટેક॥ કેશર ચંદન, ફૂલશું, પૂજું પ્રભુઅંગ ॥નવનવી આંગી રચું, પામુ મન ઉમંગ ॥ શ્રીચિં૦ ॥ ૧ ॥ મસ્તક મુકુટ શોભતા,

કાને કુંડલ સારા આભૂષણુ એમ ઓપતાં, સુરનર પામે નપાર ॥ શ્રીચિં૦॥ ૨ ॥ ઝગમગ જોતિ દીપતા, જૈસે પૂનમ ચંદ ॥ પ્રભુ દરશન કરતાં થકા, પામે આનંદ કંદ ॥ શ્રીચિં૦ ॥ ૩ ॥ જૈનપ્રકાશક મંડલી, તો કરે અરદાશ ॥ સંગની આશા પૂરજો, કાંઈ ગુન ગાવે પ્રભુ દાસ ॥ શ્રીચિં૦ ॥ ૪ ॥

॥ પદ અઢારમું ॥

॥ રાજાજીતો સો ગયા, કછુ દિયા નહીં ઇનામ ॥ એ ચાલ ॥ સજી સોલે શણગાર, સખી મેં જાઊં વંદન આજ, વીતરાગ પ્રતિમાકું દેખો, સુધરે વંછિત કાજ ॥ ૧ ॥ મસ્તક મુકુટ શોભતા ઓર, કાને કુંડલ સાર, ભુજ બાજુબંધ ઓપતા તે, અંગ ધરે શણગાર ॥ ૨ ॥ માનક હીરા જડયા ઝબાકે, તિલક પાનેકી સાર ॥ કડાં કંઠી ઓર શ્રીફલ, ગલે મોતંનકા હાર ॥ ૩ ॥ કેસર ચંદન ફૂલકી તો, અંગી રચી બહુ ભાત ॥ મુનિજન આકે સ્તવના કરતા, મુખસેંતી સહુ ગાત ॥ ૪ ॥ અજિત જિનેશર શોભતા ઓર, જૈસે પૂનમચંદ ॥ પ્રભુ દરશન કરતા થકા, ઊપજે મન આનંદ ॥ ૫ ॥ ચંદ કેસરી પ્રભુ ગુન ગાવે, ગુન પદ્મ હે દાસ ॥ જૈનપ્રકાશક મંડલીકી, પૂરો મનકી આશા ॥ ૬ ॥

॥ પદ ઓગણીશમું ॥

॥ સિરપેં આંખોપેં કલેજ પેં બિઠાઉ તુજકાં ॥ એ રાગ ॥ જદુપતી નેમ નાથ, છોડગએ હે મુજકું, જાઓ સખી લાઓ પીઆ, નેમ મિલાવો મુજકું ॥ ૧ ॥ એક રતી ચેન નહી, પીયાબિના હે મુજકું ॥ કિસ નસી બાતકી દુઃખ, આન પડી હે મુજકું ॥ ૨ ॥ કયા ગુના લગાકે આપ, છાંડ ચલે હો મુજકું ॥ કોઇ તકશીર હોવે, માફ કીજીએં મુજકું ॥ ૩ ॥ આવો નેમનાથ પ્રભુ, અરજ કરૂં મેં તુજકું ॥ તેરે દરશાનકાતો, પ્રભુ મોહ લગાહે મુજકું ॥ ૪ ॥ હાથ જોડી માન મોડી, ધ્યાન ધરૂં મેં તુજકું ॥ તુહીં દાતાર જગમેં, પાર ઊતારો મુજકું ॥ ૫ ॥ જૈન પ્રકાશક મંડલી, અરજ કરેહે તુજકું, ચંદગોપાલ કેહે, દરશ દેખાવો મુજકું ॥ ૫ ॥

॥ પદ વીશમું ॥

॥ માતાજી માહારાંરે સાંભલો ॥ એ રાગ ॥

॥ અરજ કરૂં કરજોડીને, સુણિયે માહારાજ ॥ બાલકની પરે વીનવું, રખીએ મેરી લાજ ॥ અરજ૦ ॥ ૧ ॥ દુઃખકી બાતાં મેં કહું, પ્ર ભુતુમારે પાસ ॥ તે દુઃખ દૂરે કીજીયેં, પૂરો મનકી આશ ॥ અરજ૦ ॥૨॥ સૂક્ષ્મ એકેંદ્રી નિગોદમેં, ગયો કાલ અનંત ॥ પાંચ થાવરમે

બહુભમ્યો, ગંનતીકા નહીં અંત॥અ૦॥૩॥ રતન પ્રભા દિક નરકમેં, જીવ ઉપજ્યો આએ ॥ પરમાધ્ધામીકે મારસેં, રાત દિવસ દુભાએ ॥ અરજ૦ ॥ ૪ ॥ તાડન મારન વેદના, છેદન ભેદન જાણ॥ ભૂખ તૃષા તાપ શીતતા, તેનું કોન કરે માન ॥ અરજ૦ ॥૫ ॥ બીતી ચોરિંદ્રીમેં ભમ્યો, પામ્યો તીર્યંચ જોન ॥ ગલેમે દોરિ બાંધીયો, તિહાં છોડાવેકૌન ॥ ॥અરજ૦ ॥ ૬॥ પુણ્ય યોગથી ઉપજ્યો, દેવ યોનીમેં આએ ॥ જબ માયા મૂર્છાવીયો, અતિ શોકજ થાએ ॥ અરજ૦ ॥ ૭ ॥ અબ માનવ ગતિ પામિયો, મોહી રહ્યો મિથ્યાત ॥ કામક્રોધ લોભ વ્યાપિયો, માન માયા વિખ્યાત ॥ અ જ૦ ॥ ૮ ॥ ઇણ વિધ ચોવીસ દંડકેં, ભમતાં આવ્યો ન પાર ॥ કુમતી આઠ કરમવશે, કોઇ પાવે ન સાર॥ અરજ૦ ॥ ૯ ॥ દેશ દેશ શોભા સુની, આયો તુમ પાસ ॥ તુમ ચરણકુ ભેટતાં, પૂરી થઇ સહુ આશ ॥ અરજ ॥ ૧૦ ॥ તપ.જપ સંજમ નવી પલે, નહીં તેહવો ગ્યાન ॥ એક આધાર છે પ્રભુ, તુજનામકો જાન ॥ અ રજ૦ ॥ ૧૧ ॥ માત પિતા તુહીં પ્રભુ, મુજકું બાલક જાન ॥ અવગુન માફ કીજિયે, દીજે મુજકું ગ્યાન ॥ અરજ૦ ॥ ૧૨ ॥ મેરે મનમેં તું બસે, ઓર

દુજો ન કોએ ॥ અન્ય દેવ માનું નહી, મિથ્યાતીકો હોએ ॥ અરજ૦ ॥ ૧૩ ॥ શ્રીજિનચંદ સૂરીસરૂ, ગચ્છ ખડતર જાણ ॥ આજ્ઞાકારી પાઠકા, કલ્યાન નિધાન ॥ અરજ૦ ॥ ૧૪ ॥ જૈન પ્રકાશક મંડલી, કરે અરદાશ ॥ શ્રીસંઘકી આશ પૂરજો, ચંદ ગોપાલદાશ ॥ અરજ૦ ॥ ૧૫ ॥

॥ પદ એકવીશમું ॥

॥ વેલાં ઉઘાડોને કમાડ સદ્દેવંત વેલાં ઉઘાડો૦ ॥ ॥ એ રાગ ॥ ગોડીજીકું પ્રણામ, માહારાજકું હોજો પ્રણામ, સેવક કરે પ્રણામ, માહારાજ માનો પ્રણામ ॥ ગોડી૦ ॥ ટેક ॥ મોહનગારી મૂરત, દીનાપતિ દયાલ ॥ રોગ શોગ દૂરેં હરે, કંઇ હોવે મંગલ માલ ॥ માહારાજ૦ ॥ ૧ ॥ સમોવસરણ રચનાકીતો, કહેતાં ન આવે પાર ॥ આઠ દિવસ મહોત્સવ હોવે પ્રભુ, દરશનકું આવે નરનાર ॥૨॥ ઓગણીસેં એકતાલીસેં, શુક્લ પક્ષ બુધવાર ॥શ્રાવણ નવમી દિવસ પ્રભુ, માનુ તેરા ઉપગાર ॥ મહારાજ૦ ॥ ૩ ॥ પ્રભુ તેરે દરશ કીએ, પ્રગટે આનંદ પૂર, જૈન પ્રકાશક મંડલીકીતો, ચિંતા હુઇ ચકચૂર ॥ મહારાજ૦ ॥ ૪ ॥

॥ પદ બાવીશમું ॥

॥ ચંદ્રમુખીને એકલી॥ એરાગ, ચંદ્રપ્રભુ નેવંદના, કરજોડી કરૂં સહી॥ એ પ્રભુને વંદના, અન્ય દેવ માનું નહીં ॥ ચંદ્ર૦ ॥ ટેક॥ અષ્ટ કરમકું ખયકરી મુગતિ, વધુ પરણીસહીં, ગુણ અનંતા આપમેં કોઇ, પારપાવે નહી ॥ ચંદ્ર૦॥ ૧॥ બારે ગુણે બિરાજમાન સોહી, દેવ મેરે સહી ॥ રાગી દ્વેષી વિષય ધારી એતો, દેવ માનું નહીં ॥ ચંદ્ર૦ ॥ ૨ ॥ સત્તરે ભેદે સંજમ પાલે,સોઇ મુનિવર સહી॥ ખોટી કરે પ્રરૂપના સોતો, ગુરૂ માનું નહી ॥ ચંદ્ર૦ ॥ ૩ ॥ દયા ધરમકો મૂલહે સોહી, ધરમ મેરે સહી॥ સંસાર દુઃખ વારીએ એહ, અરજ મેંતો કહી ॥ ચંદ્ર૦ ॥ ૪ ॥ અરજ કરે ગોપાલચંદ મયા, કરી તારો સહી ॥ સંકટ કાટીયે પ્રભુ શરણ, આયો તેરે સહી ॥ ચંદ્ર૦ ॥ ૫ ॥

॥ પદ ત્રેવીશમું ॥

॥ કેને દેખે આ જીઆરા મેરા મનમા ॥ એરાગ ॥ પ્રભુજીસેં લગનવા લગ ગઇ રે, લગગઇરે મન બસગઇ રે ॥ પ્રભુ૦॥ ટેક ॥ ૧ ॥ પાવાપુર શ્રી વીરજિનેસર, દરશ કીયા આનંદ ભઇરે॥ પ્રભુ૦॥૧॥ તુંહી દયાલ જગતકે સ્વામી, ચરણકી શરનમેં લઇરે॥પ્રભુ૦॥૨॥ સંકટ

ટો વિઘ્ન નિવારો, મેરી અરજ ચિત્તમાં લઇ રે ॥ પ્ર
ભુ૦ ॥ ૩ ॥ ચંદ કેસરી પ્રભુ મૂરતકું, દેખત દુરગત
મિટગઇરે ॥ પ્રભુ૦ ॥ ૪ ॥

॥ પંદ ચોવીશમું ॥

॥ ઠુમરી–હેજી માનો માનો, માનો રે પીયા હોનેમ
પ્યારે ॥ માનોરે પ્યા૦॥ પિયાપ્રીતમજી માનોરે ॥ટેક॥
હમારી સુનત નહી એક અરજ પિયા ॥ સો પ્રભુસે
મેં બાત કહું પ્રીતમજી ॥ ૧ ॥ પશુકી પો
કાર સુની, ગયે ગિરનારી પિયા, સો અબમે
કૈસી રહું ॥ પ્રીતમજી૦ ॥૨ ॥ સહસા વનમેં
પીઊ મેરે વસીયા ॥ સોજાકે મેં શરણ લહું ॥ પ્રીતમ
જી૦ ॥ ૩ ॥ ચંદ કેસરી પભુ તુમ ગુણગાવો॥ સો ચર
ણકો શરણ લહું ॥ પ્રીતમજી૦ ॥૪॥

॥ પદ પચ્ચીશમું

॥ સુનો બાત હમારી જોગન ॥ એ રાગ ॥

॥ સ્થંભનપુર પાસ નમીજે, દ્રવ્ય ભાવે
પૂજા કીજે રે ॥ સ્થં૦ ॥ ટેક ॥ પ્રભુ રામકી રા
ખી લાજ, જલસ્થંભ્યો તું મહારાજ ॥ તે ઊપર
બાંધી પાજ, તેના પૂરાં કરી સબકાજ રે ॥ સ્થંભન૦॥
૧॥ નાગરજન કારજ કીધો, સોવંન રસ તેનો સીધો ॥

તેં ઉપગાર પ્રભુકીધો, તેજગમાંહે જસલીધો રે ॥સ્થં૦॥ ૨ ॥ શ્રીઅભય દેવસૂરિરાયા, તેના રોગ સહુ ગમાયા॥જેમ શાસ્ત્રે મુનિજન ગાયા, તેમસ્તવન પ્રભુકા બનાયા રે ॥ સ્થંભનકું૦ ॥ ૩॥ પ્રભુ મૂરત મોહનગારી, નિરખ્યા હરખેં નરનારી ॥ તુમ ચરનકી બલિહારી, મેં આયો શરણુ તુમારી રે ॥ સ્થંભન૦॥ ૪ ॥ ખંભાયત બિંબ સોહાવે, જાત્રાકું શ્રી સંઘ આવે ॥ પ્રભુ પૂજા અંગિ રચાવે, ગુણ જૈન પ્રકાશક ગાવે રે ॥ સ્થંભન૦ ॥ ૫ ॥

॥ પદ છવ્વીશમું ॥ રાગ દાદરો ॥

॥સખી નેમ પિયારારે નિજારાં મોકું મારે ॥ સખી૦ ॥ ટેક ॥ પ્રભુ તોરી મૂરત મોહન ગારી રે, લાગે મુને પ્યારા રે ॥ નીજારાં૦॥ ॥ ૧ ॥ અષ્ટ ભવકાતો તુંહી પ્રભુ પ્યારા રે, ગયે ગિરનારા રે ॥ નીજારાં૦ ॥૨॥ રાજુલ કહે મેતોં જાંઉ ગિરનારા રે, જિહાં વસે પ્યારા રે ॥ નિજારાં૦ ॥૩॥ ચંદ ગોપાલકું શરન હૈ તુમારા રે, ઉતારો ભવ પારા રે ॥ નિજારાં૦ ॥ ૪ ॥

॥ પદ સત્તાવીશમું ॥

॥ હાંરે મેંતો બન બેઠી જોગન ॥ એ રાગ ॥

સખી મેરો મન બસ કરલીનો, કયા જાને કયા જાદુ

કીનો॥ મેરા૦॥ ગઇથી મેં આજ પ્રભુ મંદિરકું. દરસ કિયા અમૃત રસ પીનો ॥ મેરા મન૦ ॥૧॥ સુવિધિ જિનેસર અતિ અલવેસર, દેખત દીદાર સમકિત રસ ભીનો ॥ મેરા મન૦ ॥૨॥ ચંદ કેસરી કહે પ્રભુજી કાં, તુમ ચરણસેં મેરા મન લીનો ॥ મેરા૦ ॥ ૩ ॥

॥ પદ અઠ્ઠાવીશમું ॥ રાગ લાવણી ॥

॥બે કર જોડી શીશ નમાકે, ગુણ ગાઉં અબ મેં તેરે ॥ શ્રીચિંતામણિ પાર્શ્વ પ્રભુજી, લજ્જા રાખો તુમ મેરે ॥ એ ટેક ॥ અશ્વસેનકે કુંવર કનૈયા, વામાદેવી માત થારે ॥ તીન લોકકો નાથ કહીજે, પારશનાથ હે અવતારે ॥ ચોશઠ ઇંદર ચમર ઢુલાવે, દેવી તીરથંકરે થારે ॥સુરનર અસુર અનેક દેવતા,હાજર રહેતા તુમ્મારે ॥ મોહનગારી મૂરત પ્રભુકી, દરશન કરતે બહુ તેરે ॥શ્રી ચિં૦॥૧॥ મસ્તક મુકુટ કાનેં યુગ કુંડલ, તિલક પનેકી મન મોહોતે ॥ બાહે બાજુ બંધ ઓર બેરખા, હંસગલે બિચ જગ જોતે ॥ કટિકંદોરા કડાં હાથમેં, સુંદર મૂરત હદ શોતે ॥ સુંદર મૂરત દરશન કરકેં, આનંદ દિલમેં બહુ હોતે॥ દેશદેશમેં શોભા સુનકેં, આયો શરણે મેં તેરે ॥શ્રી૦ ॥૨॥ લખ ચોરાશી ભટકત, ડાલ્યો જીવાજેન ભુગતે

સારે ॥ અબ તો પ્રભુજી આપ નિભાવો, ભવભવ શરણાં હે થારે ॥ માતપિતા તુમ શેઠ હમારે, તુહીં હમારે શિરદારે ॥ સંકટ કાટો વિઘ્ન નિવારો, શરણે આયો હું થારે ॥ ઋદ્ધિ સિદ્ધ કારજ મન કા મના, સુખ સંપત્તિ કરદે મેરે ॥શ્રી૦॥ ૩ ॥ પારશ યક્ષ અધિષ્ઠાયક થારે, પદ્મમાવતી શોહે સારે ॥કાલા ગોરા દોય મતવાલા, ભેરૂખડા તેરે દરબારે ॥ પરચા પૂરણ પાર્શ્વ પ્રભુજી, ચિંતા ચૂરો હમારે ॥ જૈન પ્રકાશક મંડલી અબ તો, શરણે આઇ પ્રભુ તારે ॥ચંદ ગોપાલ પ્રભુ તુમ ગુન ગાવે, આશા પૂરો તુમ મેરે ॥શ્રી૦॥૪॥

॥ પદ ઓગણત્રીશમું ॥

॥ લાવણી પહેલી ॥

॥ સુનિયો રે પ્યારે બાત હમારી, સબ કોઊ નરનારી, ખલકકી કેસી કહું ન્યારી ॥ આંકણી ॥ ઇસમેરે દુનિયાદારી કે, રસમે વસમે હે સારી, લેકન કુછ સાધુકી તો ન્યારી ॥ કુણ હે રે માત પિતા સુત બંધુ, કોન કાહો પ્યારી, સુપનકી જેસી બની ગુલકયારી ॥ સરન કિસીકા નઇ હેરે, જિસમેં ચસમનસેં ચારી, ઉનોંકી બાતોં હે ભારી ॥ ભમત હે ભવ જંગલકે બિચમેં, સબહી સંસારી, ભમર જ્યું ફુલણ ફુલવારી॥ જિ

સમેરે કોઉ નહી હે દૂજા, દિલ ધરો ઇકતારી ।। ખ૦।।
સુ૦ ।। ૧ ।। ધનજોબન સબ દૂર રહે જન, તનભી
નહીં તેરા, આખર તોહે જંગલમેં ડેરા ।। અજબ બહા
ર બની બાહિરસેં, અંદર અસુચેરા, ધોવો તુમ ઉનકું
બહુ તેરા ।। મિથ્યા મતિકે બાસ બસે હે, આઠું કર્મ
ઘેરા, જિસમેરે સંબર અંબર ઉઠૈ રસ્તાકર ફેરા, સો
ઇ હોય સંતનકા ચેરા ।। દેખ દુરસ્તીસેં દિલમસ્તી,
બસ્તી હેરે ભારી ।। ખ૦ ।। સુ૦ ।। ૨ ।। ઇહભી રે વાત
ઉસીને દાખી, સાખી સબ ભાઇ, નિર્જરા સબહીમે
સ્વાહી ।। ચૌદે રાજકા લોક કહતુ હે, ગતિ ચારો આઇ,
પંચમી શિવગતિ બતલાઇ ।। તિસમેરે ચેતનરૂપ અરૂ
પી, ગતિ જિસને પાઇ, ઉનોંકી કહી ન સકે કાઇ ।। સબ
હેરે ભોદુલોક બિચારે, અપણી ઠગવાઇ, ઉનોંકે હાથે બ
નવાઇ ।। ઇહ ગત જાનત સોઇ જન માનત, સંત કહે
સારી ।।ખ૦।। સુ૦।।૩।। જો કોઉ સાચ કહોરે પૂરે, સો
ગુરૂ નહીં ભાતા, ઓરનસેં દિલ ભર રંગ લાતા ।। જિ
સકું નહીં રસ્તેકી માલુમ, સોઉ નર ભૂલાતા, યેહી એ
ક નુકતા કહિલાતા ।। સબ કહે સાહિબ તારણ હારા,
ઇહ જાણી જાતા, તબિ કુછ ઇનસેં બની આતા ।। છંદ
લાવણી બારે ભાવના, બાલચંદ ગાતા, ખુસીસેં દિ

લકું સમઝાતા ॥ ઇસ કુંરે ગાવે દિલ બિચ ભાવે, સે
ઇ સમઝે સારી ॥ ખ૦ ॥ સુ૦ ॥ ૪ ॥

॥ પદ ત્રીશમું ॥ લાવણી બીજી. ॥

.॥ અરજ હમારી સુણો દીનપતિ, કૌન ભાંતિ ત
રણા, હમ દુઃખી ફિરત સંસાર ચતુર ગતિ, સો તુમસેં,
તિરના ॥ અ૦ ॥ ૧ ॥ ઘોરાઘોર નરકકે ભીતરા
નાના દુઃખ ભરણા ॥ તાડન મારન છેદન ભેદન, ઔર
દેહ ધરના ॥ અ૦ ॥ ૨ ॥ કંમહુક તિરિયંચ જોનિ
પાયકેં સુંદર, ગલે ફાસ ધરણા ॥ ક્ષુધા તૃષા અરૂ શીત
ઉષ્ણતા, મારમાર કરણાં ॥ અ૦ ॥૩॥ મનુષ્ય જનમ
પાયકે સુંદર, વિષયભોગ રચનાં ॥ રાવરંક છિનમાં
હે દીસે, કહું ન આય સરણાં ॥ અ૦ ॥ ૪ ॥ દેવ
વિભૂતિ પાયકે સુંદર, અધિક દેખ ઝુરણાં ॥ તવ મા
લા મુરઝાવણ લાગી, સોચ કીયે મરણાં ॥ અ૦ ॥
૫ ॥ ઐસે અનંત કાલમેં ભટકયો, કહુ નાહિ સિરણાં
॥ સાહિબ મોહિ સરણાગતિ રાખો, પ્રભુ જનમ મર.
ણ હરણાં ॥ અ૦ ॥ ૬ ॥

॥ પદ એકત્રીશમું ॥ લાવણી ત્રીજી ॥

॥ તુરાકી ચાલમેં ॥

॥ સકલ સુખદાયક નરનારી, ભજો સિધ્ધ ચક્ર સુ

જસ ધારી ॥ સ૦ ॥ દુર્લભ માનવ ભવપાયા, જગ તમેં ઉત્તમ કુલ આયા ॥ મિલા સંજોગ સુગુરૂ રાયા, ધરમકા ધ્યાન ધરો ભાયા ॥ આતમકા કલ્યાણ કરો જી, પરિહર પર ગુંણ દૂર, આશ્રવકા સબ રસતા રો કો, સંવર કર ભરપૂર ॥ મિટે દુર્ગતિકા દુખ ભારી ॥ ભજો૦ ॥ ૧ ॥ દેવતત્વકી અધિકાઇ, ભેદ કહે દોય સુખદાઇ ॥ જિનવર સિદ્ધ ભજો ભાઇ, જયોતિશું જ્યોતિ મિલીજાઇ ॥ તીન ભેદ ગુરૂ તત્વકા જી, આચારિજ ઉવઝાય, રત્નત્રયી આરાધતાં રે, મુનિવરજી માહારાય ॥ પરમ મંગલ છે હિતકારી ॥ ભ૦ ॥ ૨ ॥ તત્વ ધરમેં સુખકારી, ભેદ કહત હૈચત્તારી ॥ દરશન પદ છે ઉપગારી, ગ્યાન સરવગુણ સિણગારી ॥ સંજમ સત્તર પ્રકાર વિરાજે, તપપદ છે શ્રીકાર ॥ મનવચકાયા થિર કરી પૂજો જિમ પામો ભવપાર ॥ એહી નવપદકી બલિહારી, ભ૦ ॥ ૩ ॥ કહે ગણધર ગૌતમ ઐસી, શ્રેણિક પ્રમુખસે સુણીતૈસી ॥ વીર પ્રભુ પણ કહી જેસી, આજતલક અવિતથ વેસી ॥ નૃપશ્રીપાલ પ્રમુખ સુખપાયા, સિદ્ધચક્ર પરતાપ ॥ ઉગણીસસેં ચોવીસમેં રે, બણી લાવણી છાપ ॥ કહીમુનિવર અબીર ચંદ સારી ॥ ભ૦ ॥ ૪ ॥ ઇતિ નવ પદ જીકી લાવણી સમાપ્ત ॥

॥ પદ બત્રીશમું ॥

॥ ખ્યાલ ॥ ટુક રહો રે જાદવ દોય ઘડીયાં ॥ ટુ૦ ॥ દોય ઘડીયાં દોય ચાર ઘડીયાં ॥ ટુ૦ ॥ ૧ ॥ મોજ મહિરાન શિવાદેવી જાયા ॥ રાજુલ ગુણનિધિ વે લડીયાં ॥ ટુ૦ ॥ ગોદ બિછાઉં મેં બલિ જાઉં, વિન તિ કરૂં થારે પાયે પડિયાં ॥ ટુ૦ ॥ ૨ ॥ સહસા વનમેં શ્યામ મિલનકું, રાજુલ રેવત ગિરિ ચઢિયાં ॥ ટુ૦ ॥ ૩ ॥ ગ્યાન વિમલ પ્રભુ સુરપતિ નરપતિ, હરખિ ત હુઈ મેરી આંખડીયાં ॥ ટુ૦ ॥ ૪ ॥

॥ પદ તેંત્રીશમું ॥ લાવણી ॥

॥ બિહાગ તથા કાલિંગડા રાગમાં ॥

॥ પોઢો પોઢોજી ઋષભ વિહારે, નિદ્રાવશ ન યણ તિહારે ॥ પો૦ ॥ પ્રભુઆલસ અંગ હુલસાઇ, પૂ છે રાઝદેવા માઇ ॥ પો૦ ॥ ૧ ॥ પ્રભુ નારિ સુનંદા રા ણી, ઊન રૂચરૂચ સહિજ સંભારી ॥ પો૦ ॥ ૨ ॥ પ્ર ભુ નવલ સુનેહ સનેહા, મનવંછિત ફલ દેહા ॥ પો૦ ॥ ૩ ॥ પ્યારે સેવક હિત કર ગાવે, મનવંછિત ફલ પાવે ॥ પો૦ ॥ ૪ ॥ અજર અમર પદ પાવે, કર જો ડી શીશ નમાવે ॥ પો૦ ॥ ૫ ॥ ઇતિ માંગલિકપદમ્ ॥

॥ પદ ચોત્રીશમું ॥ રાગ ભેરવી ॥

॥ વા દિનકો કર સોચ રે મનમેં, આખર ડેરા હોગા વન મેં ॥ વા૦ ॥ વણજ કિયા વ્યાપારી તેનેં, તાંડાલ દિયા ભારી રે ॥ ઓછી પુંજી જૂવા ખેલે, આખર બાજી હારી રે ॥ કર અબ ચલનેકી તૈયારીરે ॥ આખર૦ ॥ વ ॥ ૦ ॥ ૧ ॥ જુઠે નૈના ઉલફદવાદી, કિસકા સોનાં કિસકી ચાંદી ॥ એક દિન પવન ચલેગી આંધી, કિસકી બિબી કિસકી બાદી ॥ નાહક ચિંત્ત લગાવે ધન મેં ॥ વાં૦ ॥ ૨ ॥ મટ્ટિસેંતી મટ્ટી મિલ ગઇ, પાના સેંતી પાની રે ॥ મૂરખસેંતી મૂરખ મિલિયા, ગ્યાની સેંતી ગ્યાની રે ॥ વા મટ્ટી હે તૈરે તનમેં ॥ વા૦ ॥ ૩ ॥ કહત બણારસી સુન ભો પ્રાણી, એ પદ છે નિરવાની રે ॥ જનમ મરણકી આશા નાહી, સિરપર કાલ નિસાની રે ॥ સૂજ પડે બૂઢાપણમેં ॥ વા૦ ॥ ૪ ॥

॥ પદ પાંત્રીશમું ॥ રાગ ભૈરવી ॥

અબ જોય જોય અંખિયા રાજી ભઇ, મેં રાજી ભઇ નવિ રાજી ભઇ ॥ જો૦ ॥ સોહન સુરતિ મોહન મૂરતિ, પ્યારો હમારો એક સહી ॥ જો૦ ॥ ૧ ॥ તોરણ આય ચલે પિયા છારિ, ઇહ દેખો કોનસી રીત ભઇ ॥ જો૦ ॥ ૨ ॥ નેમ નવલ ગિરનાર વંદનકું, રાજુલ સ

ખીયન સાથ સહી ॥ જો૦ ॥ ૩ ॥ નવભવ પ્રીત સુ
ની પ્રભુજીકે, મુખ સંજમ લે પ્રભુ સાથ રહી ॥ જો૦ ॥
૪ ॥ નેમ રાજુલ દોનું મુગતિ મહિલમેં, નિરૂપાધિક
સુખ આત્મમયી ॥ જો૦ ॥ ૫ ॥ બાલ કહે પ્રભુ ચર
ણકમલકી, શીતલ ગહિરી છાંહિ ગહી ॥ જો૦ ॥ ૬ ॥

॥ પદ છત્રીશમું ॥ રાગ બેતં ॥

॥ કોવલગ કહું સ્વામી બતિયાં ભ્રમણકી ॥
કો૦ ॥ નારકી ગતિ દુઃખ રોય ગમાયો, તિરયંચ ગ
તિ દુઃખ નદીયાં શ્રાવનકી ॥ કો૦ ॥ ૧ ॥ સુરગતિમેં
પર સંપત્તિ દેખત, ઝાલ ઉડત જૈસે અગન પતંગકી
॥ કો૦ ॥ ૨ ॥ મનુષ્ય યોનિમેં ઇષ્ટ અનિષ્ટ જો, ગ્યાન
ધ્યાનમાંહે જાનો સબનકી ॥ કો૦ ॥ ૩ ॥ શ્રીજિન હં
સ સૂરી સુપસાયેં, ધરમ વલ્લભ કહે પ્રભુકે ચરનકી
॥ કો૦ ॥ ૪ ॥

॥ પદ સડત્રીશમું ॥ લાવણી ॥ કલ્યાણ રાગમાં ॥

॥ આરતિ કરૂં શ્રીપાર્શ્વ પ્રભુકી, જન્મ વ
ણારસી હે જિનકા ॥ ઘનનં ઘનનં વાજે ઘંટ ઘણુ, ઐ
સા ધ્યાન ધરૂં જિનવરકા ॥ આ૦ ॥ ૧ ॥ જબ કમઠા
સુર કોપ કિયો તવ, શ્યામ ઘટા બિજરી ચમકા ॥
ગિરૂઓ ગાજ્જલ મૂસલધારા, ધરડ ધરડકા જગ શંક

॥આ૦ ।૨॥ થરરર થરરર આસન કંપે સુરકોપ કીયો, તવ ધરણીધર ચિત્ત ચમકા ॥ ફણ વિસ્તાર હજાર કિયે તવ, ઝમક જાય પ્રભુ તન ઢંકા ॥ આ૦ ॥ ૩ ॥ જવ પ દમાવતિ સબ સિણગારે, તાથેઇ નાચત લે ફિરકા ॥ ધમક ધમક ધોંમાદલ વાજત, ધનનં ધુધુરકે ઘરકા ॥ આ૦ ॥ ૪ ॥ દીદીદી કટ નોબત વાજે, ધૌંધૌં ક ટ દુંદભિ ધ્રોકા ॥ ચાવિધગીત સંગીત બજત સબ, ગાંધર્વ ગાન કરે જિનકા ॥ આ૦ ॥ ૫ ॥ તનનં ખિરર તંત તાલ સબ, ડફ ડોં ડોં કરતે ડંકા ॥ ભેરણ ફેરણકે ઝણકારે, ઝાગડદી ઝાલરકે ઝંકા ॥ આ૦ ॥ ૬ ॥ સુ રનર ઇંદ્ર સબ જે જે કરતે, જીવત સફલ ભયા જિનકા ॥ અમૃત ઉદય તિણબેર ભયો સુખ, કો વિસ્તાર ક હે તિનકા ॥આ૦ ॥ ૭ ॥

॥ પદ અડત્રીશમું નેમનાથજીના બારે માસ ॥

॥ શારદા માત આપ બલ બુદ્ધિ, સદગુરૂ ચરણ પ્રણામ કિયો રે ॥ બારહમાસ બાલ બ્રહ્મચારી, રચના રંભ પ્રારંભ કિયો રે ॥ નિશ દિન વિરહ વિયોગિણી રાજુલ, કરત વિચાર દિલોં દિલમેં રે ॥ નિ૦ ॥૧ ॥ કા ર્તિક નેમ કુમર વ્રજઆયુધ, સદન ગમનકાનો પ્રભુજી રે॥ ચક્ર શંખ ઉર ગદા પદમદે, લિન્હ ધનુ પાની જિન

જી રે ॥ નિ૦ ॥ ૨ ॥ અગણુહ માસ રાસ કિય કાન્હર, ખેલત ખેલ નવા બનમેં રે ॥ મલ્હાર વારે મલ્હ યુદ્ધ કીન્હો, ભિરે નેમ રાધા બરસેં. રે ॥ નિ૦ ॥ ૩ ॥ પોસ માસ પોસે દિલ સગરા, માંગધ ભૂમિ પ્રયાણુ કિયો રે ॥ બજત તૂરિ ભયે પૂરી દિગંતર, સમર જરાસંધ આન ભિરચો રે ॥ નિ૦ ॥ ૪ ॥ માહા માસ રણુ પૂરણુ આશા, જીત જરા યુદ્ધ પલ છિનમેં રે ॥ નેમ કૃષ્ણકેરી જીત ભઇ જદ, જય જયકાર કિયોં ત્રિભુવનમેં રે ॥ નિ૦ ॥ ૫ ॥ ફાગુણ પ્રીતિ પરસ્પર વાધી, નેમ કૃષ્ણુ ગએ સહસાવનમેં રે ॥ હિલ મિલ ફાગ પરમ પરે ખેલત, રાધા નાગર વ્રજ બાલારે ॥ ॥ નિ૦ ॥ ૬ ॥ ચૈત્ર ચતુર નારી મિલ મિલકેં, ઘેર ઘેર ચહું ઔ રનમેંરે ॥ આણંદ પૂર દૃગન વિપુલાછિ, ચાકત ચિત્ત ભઇ તનમેંરે ॥ નિ૦ ॥ ૭ ॥ માસ વૈશાખ વેશ સખિયન કૃત, ઉચ્છવ અધિક સુહાવનસેં રે ॥ નેમ સલુણેસેં બ્યાહ મનાયો, વિરહ વ્યથા જાગી જબસેં રે ॥ નિ૦ ॥ ૮ ॥ જેઠ માસ ભયો જેઠ વરાવર, કૈસે કાટોં દિન રાતનમેં રે ॥ એકતો વિરહ દૂજે ગ્રીષ્મ સંતાપે, ત્રિજે મયણ સરાશનમેંરે ॥ નિ૦ ॥ ૯ ॥ લાગ આષાઢ વાઢ ઘન વાદર, વિજુરી ચ

મકે ઘનાઘનમેં રે ॥ શ્યામ વિના મેરો તરપ તરપ જિ
ય, હોત પોત જ્યું જલાજલમેં રે ॥ નિ૦ ॥ ૧૦ ॥ શ્રા
વન ગાવન સખીયન કીન્હો, ભાવન પ્રીત પ્રભૂ જીસેં
રે ॥ હોલિ બરાત ઝલ્લાહલ ઝલકે, તોરણ આને દિન
ચઢકેં રે ॥ નિ૦ ॥ ૧૧ ॥ ભાદવ ભવન છાંડ જિન ગિરિ
પરવર, રેવત શિખર ચલે પ્રભુજી રે ॥ મેં વિરહન અ
સુવન કેરી ધારા,ધારા ધાર મુચે પાની રે ॥
નિ૦ ॥ ૧૨ ॥ આશ્વિન માસ આસ દિલ વરકી, બિન
દરદીના જાને કો રે ॥ દરબિન અબ દરદ કહોં કાસું,
તુમતો નિપટ કપટ મનમેં રે ॥ નિ૦ ॥ ૧૩ ॥ બા
રહ માસ વિગત ભયે સજની, નિર્મોહિયનસેં મોહ
કિયો રે ॥ જિન મોહે છાંડ વાટ શિવપુરકી, લીન્હી
લ્હીન સહી મેં લ્યું રે ॥ નિ૦ ॥ ૧૪॥ સોલે શણગા
ર ઉતારે અલિતણુ તે, રાજુલ આય પ્રભુ ચરનન મે
રે ॥ લે દીક્ષા શિક્ષા કિયે મનકો, બાલ કહે શિવ
સા પહિલેં રે ॥ નિ૦ ॥ ૧૫ ॥

॥ લાવણી—હોરીની ચાલમેં ॥

॥ આદિ જિનેસર કિયો પારણો આ રસ સેલડીયાં
॥ આ૦ ॥ ટેક ॥ ઘડા એકસો આઠ સેરડી, રસ ભરિ
યાછે નીકા રે ॥ઉલટ ભાવ શ્રેયાંસ વોહરાવે, માંડદિવી

આબુકારે ॥ આ૦ ॥૧ ॥ દેવ દુંદુભિ વાજ રહીહે,
સોનઇયારી વિરખારે ॥બારે માસશું કિયો પારણો, ગ
ઇ ભૂખ સરવતિરખારે.॥ આ૦ ॥ ૨ ॥ ઋદ્ધ સિદ્ધ કા
રજ મનો કમના, ઘર ઘર મંગલાંચાર ॥ દુનિયા હર
ખ વધામણા કાંઇ, આખાત્રીજ તિવાર રે ॥ આ૦
॥ ૩ ॥ સંકટ કાટો વિઘન નિવારો, રાખો હમારી લા
જરે ॥ બે કર જોડો નાન્હૂ કહિતા, ઋષભ દેવ માહારાં
જરે ॥ આ૦ ॥૪ ॥

॥ રાગ યતઃ ॥

॥નવપદ જંતર લિખદે ગુરૂજી॥ ન૦॥ ટેક ॥ મેરે પ્ર
ભુજીસેં દિનદિન અધિકા સનેહ ॥ મે૦ ॥ ન૦ ॥ અરિ
હંતસિદ્ધ આચાર્ય ઊપાધ્યાય, સર્વસાધુજીકું સજ દો.
મે૦ ॥ ન૦ ॥ ૧ ॥ દરશન જ્ઞાન ચરણતપ ઊત્તમ, બિ
ચબિચ કેવલ ધરદે ॥ મે૦ ॥ ન૦ ॥ ૨ ॥ રૂપચંદ કહે
નાથ નિરંજન, ભવભવકા દુઃખ હરલે ॥ મે૦ ॥
ન૦ ॥ ૩ ॥

॥ તુંહી તુંહી યાદ આવે રે દરદમેં ॥ તુંહિ૦ ॥
માત પિતા તિરિયા સુત બંધવ, વિપત પડે હઠજાવેરે
દરદમેં ॥તુંહી૦॥ ૧ ॥ ચૌરાસી લખ જીવારે યોનિમેં,
ભટક ભટક ભટકાવે રે દરદમેં ॥ તુંહિ૦ ॥ ૨ ॥ પ્રેમ

દિવાના હે મસ્તાના, ભ્રમત ભ્રમત ભરમાવે રે ॥ દ
રદમેં તુંહિ૦ ॥૩ ॥ શુદ્ધ ક્ષમા કલ્યાણ મહામુનિ, શ્રી
જિનકે ગુણગાવે રે ॥ દરદમેં તુંહિ ॥ ૪ ॥

॥ તુમ કેસે તિરોગે ભવસેં, પ્રભુકી લગન નહી
જિયસેં ॥ તુમ૦ ॥ ૧ ॥ વિના વિવેક સમતા નહી જિ
યકું, કયા હુવે ધરમ કીયેસેં ॥ તુ૦ ॥૨॥ ધન બહોત હે
ભાવ બહોત હે, ફલ હોવેગા જબદાન દિયેસેં ॥ તુ૦॥
૩ ॥ દાનશીયલ તપ હિયામેં ધારો, ફલ હોવેગા જબ
ધર્મકીયેસેં ॥ તુ૦ ॥ ૪ ॥

॥ અથચોવીસ જિણવર આરતિ ॥

॥ જય જય જિન રાજા ॥ વારી જ૦ ॥ આર
તી કરૂં શિવકાજા, ભવભવ દુઃખભાજા ॥ જય૦ ॥૧॥
॥ ઋષભ અજિત સંભવજિનરાયા, અભિનંદન સુમ
તિ॥ પદ્મસુપારસ ચંદ્રપ્રભુસેં, દૂર હુવે કુમતિ ॥ જય૦
॥ ૨ ॥ સુવિધિ શીતલ શ્રેયાંસસવાઇ, કરીબરમજિન
કી ॥ વિમલ અનંત ધરમ પ્રભુ શાંતિ, હર આરતિ
તનકી ॥ જ૦ ॥ ૩ ॥ કુંથુનાથ અર મલ્લિ મુનિસુવ્રત,
નમિ નેમિ શ્રીકારા॥ પાર્શ્વ જિનેશ્વરવીર જિણંદા, આ
તમ હિતકારા ॥ જય૦ ॥ ૪ ॥ ઇણવિધ આરતિ જે
ભવિ કરસિ, ભવસાયર તરસી॥ શ્રીજિનચંદ અક્ષય
પદ ફરસા,સિવમલા વરસી ॥જ૦॥ ૫॥

॥ સ્તવન ॥

॥ મોહન તારા મુખડાને મટકે ॥ મોહન૦॥ એ આંકણી ॥ નયણ રસાલાંને વયણ સુખાલાં ॥ ચિત્તડું લીધું ચટકે ॥ પ્રભુજી કેરી ભક્તિ કરંતાં, કર્મ તણી કસ કટકે ॥ મોહન૦ ॥ ૧ ॥ મુજ મન લોભી ભમર તણી પરેં, જિન ગુણ કમલેં અટકે ॥ રત્ન ચિંતામણિ મૂકીને રાચે, કહો કોણ કાચ તણે કટકે ॥ મો૦ ॥ ૨ ॥ એ જિન થુણતાં ક્રોધાદિક સહુ, આસપાસથી પટકે ॥ કેવલ નાણી બહુસુખદાની, કુમતિકું દૂર પટકે ॥ મોહ૦ ॥ ૩ ॥ એ જિનને જે દિલમાં નાણે, તે ભૂલ્યા ભટકે ॥ ભાવ ભક્તિ શું ઉલંગ કરતાં, વંછિત સુખ સટકે ॥ મોહ૦ ॥ ૪ ॥ મૂરતિ સંભવજિનવર કેરી, જોતાં હૈયડું હટકે ॥ નિત્ય લાભ કહે એ જિન સાચો, ગુણ ગાઉં હું લટકે ॥ મોહ૦ ॥ ૫ ॥

॥ સ્તવન પહેલું ॥

॥ પ્રભાતિયું ॥ રાગ રામગ્રી ॥

॥ રે જીવ જૈન ધર્મ કીજિયેં, ધર્મના ચાર પ્રકાર ॥ દાન શીયલ તપ ભાવના, જગમાં એટલું સાર ॥ રે જી૦ ॥ ૧ ॥ વરસ દિવસને પારણે, આદેશર અણગાર ॥ શેલડી રસ વોરાવિયો, શ્રી શ્રેયાંસ કુમા

૨ ॥ રે જીવ૦ ॥ ૨ ॥ ચંપા પોલ ઉઘાડવા, ચાલણિયેં કાઢયાં નીર॥ સતીય સુભદ્રા જશ થયો, શીયલેં સુર ગિરિ ધીર ॥ રે જીવ૦ ॥ ૩॥ તપ કરી કાયા શોષવી, સરસ નીરસ આહાર॥ વીરજિણંદ વખાણિયો, ધન ધન્નો અણગાર ॥ રે જીવ૦ ॥ ૪ ॥ અનિત્ય ભાવના ભાવતાં, ધરતાં નિર્મલ ધ્યાન॥ ભરત આરીસા ભુવન માં, પામ્યા કેવલ જ્ઞાન ॥ રે જીવ૦ ॥ ૫ ॥ જૈન ધર્મ સુરતરૂ સમો, જેહની શીતલ છાયા ॥ સમય સુંદર કહે સેવતાં, વંછિત ફળ પાયા ॥ રે જી૦ ॥ ૬ ॥

॥ સ્તવન બીજું ॥

॥ સોવે સોવે સારી રેન ગુમાઇ, બેરન નિંદ્રા તું કહાંસે આઇ ॥ સોવે૦ ॥ એ આંકણી૦ ॥ નિંદ્રા કહે મેં બાલી ભોલી, બડે બડે મુનિજનકું નાંખું ઢોલી ॥ સોવે૦ ॥ ૧ ॥ નિંદ્રા કહે મેં જનમકીદાસી, એક હાથ મેં મુક્તિ ઓર દુસરે હાથમેં ફાંસી ॥ સોવે૦ ॥ ૨ ॥ સમયસુંદર કહે સુનો ભઇયા, આપ મુવે સારી ડુબ ગઇ દુનિયાં ॥ સોવે૦ ॥ ૩ ॥

॥ સ્તવન ત્રીજું ॥ રાગ કેરબો ॥

॥ દેખોરે જિણંદા પ્યારા ॥પ્યારા જિણંદા ભગવાન ॥ દેખો૦ ॥ એ આંકણી ॥ સુંદર રૂપ સ્વરૂપ બિરાજે,

જગનાયક ભગવાન ।। દેખો૦।। ૧ ।। દરશ સરસ નિર ખ્યો જિનજીકો, દાયક ચતુર સુજાન ।। દેખો૦ ।। ૨ ।। શોક સંતાપ મિટચો અબ મેરો, પાઓ અવિચલ ભાણ ।।.દેખો૦ ।। ૩ ।। સફલ ભઇ મોરી આજકી ઘડીયાં, સફલ ભએ નૈનુ પ્રાણ ।। દેખો૦ ।। ૪ ।। દરિશણ દેખ મિટચો દુઃખ મેરો, આનંદઘન ઉપકાર ।। દેખો૦ ।। ૫ ।।

।। સ્તવન ચોથું ।।

।। સારૂં સારૂં રે સુરત શેહેર, મુંબઇ અલબેલી ।। એ દે શી।। ચાલો ચાલો રે દર્શન કાજ, ચાલો જઇએં રે ।।ટેક।। પુંડરિકગિરિ મંડણ સાહેબ, ઋષભદેવ માહારાજ રે ।। જુગલ ધરમ નિવારણતારણ,ભવિજનકું હે ઝાઝા।।ચાલો ૦।।૧।। નિર્વિકારી મૂરતિ પ્રભુકી, દીઠાં સમકિત આવો રે ।। ભવ ભવનાં બહુ પાતક કીધાં, એક પલકમેં જાવે ।। ચાલો૦ ।। ૨ ।। ભાયખાલેકે મંદિરમાંહે, આદીશ્વર માહારાજ રે।। મોતીશાએં પ્રાસાદ કરાવ્યાં, સારચાં વં છિત કાજ ।। ચાલો ૦ ।।૩ ।। કાર્તિક ચૈત્રી પૂનમ દિવ સેં,સોહે સિદ્ધાચલ પટ્ટરે।। ભાવસહિત તિહાં દર્શન કર તાં, રોગશોક જાવે ઝટ્ટ।। ચાલો૦।।૪।। નેત્ર બેદ અરૂ ન દ શશીવર, પૂનમ કાર્તિક માસ રે ।। જાત્રા કરી સંકટ

નિવારવા, પૂરી મનકી આશ ॥ ચાલો० ॥ ૫ ॥ બે કર જોડી પ્રભુગુણ ગાઉં, આણી ભાવ ઉલ્લાસ રે ॥ ચંદ કેસરીકું મેહેર કરીજે, કીજે જૈનપ્રકાશ ॥ ચાલો० ॥ ૬ ॥

॥ સ્તવન પાંચમું ॥

॥ અરે કોણ હે તું તેરા કયા હે નામ ॥ એ રાગ ॥

॥એક પ્રભુ નામ હૃદય ધરો, ભવસાગરસેં નિશ્ચે તરોં ॥૧॥ કોઈ કિસિકા નહીં જક્તમેં, કયું કાળ ગમાવે તુ મસ્તમેં ॥ ૨॥ ધન જોબનકા તું મદ મત કર, ગુરૂકા વચનકું હૃદયે ધર ॥ ૩ ॥ જો જીવ ચાહે અપન કલ્યાણ, તો ચિંતા મનકા ધરો એક ધ્યાન ॥૪॥ દાન શીયળ તપ ભાવ એ ચાર, યા જક્તતમેં હે ઇનકા આધાર ॥ ૫ ॥ ચન્દગોપાળકું પ્રભુકા ચરણ, હોગા મુજે એક એહી શરણ ॥ ૬ ॥

॥ સ્તવન છઠું. ॥

॥મેં તો શાજાદેકું ઢુંઢણ ચલીયાંરે ॥એ રાગ॥મેં તો પ્રભુ ચરણે ચિત્ત લાયારે, પાર્શ્વ પ્રભુ મન ભાયારે ॥ મેં તો० ॥ ટેક ॥ ઇન દરશન બિન હું બહુ ભમિયો, કોઇ શરણ નહીં પાયા રે ॥ મેં તો० ॥ ૧॥ કુગુરૂ ધર્મકી સંગત રમતાં, યુંહી કાલ ગમાયારે ॥ મેં તો० ॥૨॥ દેશ દે

શમાં શોભા સુણીને, ચરણકે શરણે આયા રે ॥મેં તો૦ ॥ ૩ ॥ ગોપાલ ચંદકું તુમ દરશનસેં, મનવંછિત ફલ પાયા રે ॥ મેં તો૦ ॥ ૪ ॥

॥ સ્તવન સાતમું ॥

॥ ચામુરહું શોખી શે શરા, રથસેં ભરીહું ॥એ દેશી ॥પ્રભુ પૂજો પ્રેમધરી સહુ નરનાર, અષ્ટ દ્રવ્યસેં જે પૂજે તારે ભવપાર ॥ટેક॥ કોઈ કહે પ્રભુ પૂજ્યાં હોવે બહુપાપ, આગમસાખ દેઇ કરો કહું અધિકાર ॥ પ્રભુ૦॥ ૧ ॥ પ્રશ્નવ્યાકરણ માંહે પૂજ્યા જિનરાજ, સંવર દ્વારમાંહે કહ્યો એહનો વિસ્તાર ॥ પ્રભુ૦ ॥ ૨ ॥ જ્ઞાતાભગવતી આદિ બહુ સૂત્ર સાખ, પક્ષપાત છોડી કેતો વાંચી લેવો સાર ॥ પ્રભુ૦ ॥ ૩ ॥ સત્ય પક્ષેં માનો તુમે પૂજો માહારાજ, ગુણપદ્મકું એક પ્રભુ પ્રતિમા આધાર ॥ પ્રભુ૦ ॥ ૪ ॥

॥ સ્તવન આઠમું ॥

॥ મરૂંછું વૈરી હાથથી તજીને તુજને આમ ॥ એ રાગ ॥ તુજ દરશન કર્નેસે પ્રભુ, મુજે હોય આરામ, દયા ધારી માયા કરી, કીજેં મેરા કામ॥ તુજ દરશન૦ ॥ટેક॥ મેરે દિલમેં તુંહી બસે, ઓર નહીં દાય ॥ દરસ દિખલાવો પ્રભુ, દયાદિલ લાય ॥ તુજ૦ ॥ ૧ ॥

સાચી પ્રીત તુમસેં પ્રભુ, ઓર સહુ રીત ॥ નિમેકી તુમ કસે હોતે, મેં કરતા હું પ્રીત ॥ તુજ૦ ॥ ૨॥ અબ તો દયા કરકે પ્રભુ, રાખો મોરી લાજ ॥ તેરે દરશનકે લીયે, આયા હું માહારાજ ॥ તુજ૦ ॥ ૩॥ ગુણપદ્મકી આશા પૂરો, કરે બહુ પ્રણામ ॥ દર્શ દિખલાવો પ્રભુ, એજ મેરા કામ ॥ તુજ૦ ॥ ૪ ॥

॥ રાગ હોરી ॥

॥ ગારી દઇરે દઇ લાખનમેં ॥ એ રાગ ॥

॥પ્યારે સંભવ જિનકું સમરલે, હોરીયાં ખેલન જિન જાઓરે બાવરે ॥ ટેક ॥ આગમ ઉદધિ સુધારસ જલ સોં, ઘટકી ગગરીયાંકું ભરલે ॥ ૧ ॥હોરી૦॥ હિત ઉપદેશકે સુગુરૂ બતાયો, સોઇ શિવપંથ પકડલે ॥ ૨ ॥ હોરી૦॥ પરમબ્રહ્મ પદકો ઘટ ભીંતર, આગમ અનુભવ વરલે ॥ ૩ ॥ હોરી૦ ॥ સમકિત નાવ સુદૃઢ અવિલંબિત, ભવસાગરકું તરલે॥ ૪॥ હોરી૦ ॥બાલ સુમતિ સંગ ખેલત હિલગિલ, પરમ પરમ પદ વરલે ॥ ૫ ॥ હોરી૦ ॥

॥ રાગ વસંત ॥

॥ બાંકે મમતાને ધૂમ મચાઇ, આજ સુમતા સં

ગ ખેલેંગે હોરી ॥ બાંકે૦ ॥ ટેક ॥ જિનશાસન બ્રત રંગ મહેલમેં, દીપક બોધ બનાઈ ॥ આજ૦ ॥ ૧ ॥ સરધા સખી છમા મૃદુતા મિલ, રિજુતા મુકિત સોહાઇ॥ ઓરઅનેક સુમતા સખી બ્રજમેં, અનુભવ રંગ રંગાઇ ॥ આજ૦ ॥ ૨ ॥ ભાવ સોચ તપ દાન શીયલ સબ, નિજગુણ બંધુ સહાઇ, જિન ગુણ ગાન સંગીત નિરત ધુની, ભકિત જિનંદ બઢાઇ ॥ આજ૦ ॥ ૩ ॥ ખેલત સંજમ ફાગ સબે મિલ, બાલ આનંદ બધાઈ ॥ અબ કુમતી સંગ રંગ કરે તો, શ્રીજિનરાજ દુહાઇ ॥ આજ૦ ॥ ૪ ॥

અથ થુઈ॥ દ્રૈદ્રૈકિ ધપમપ ધુધુમિ ધૌંધૌંધસકિ ધરધપ ધૈરવં ॥ દોંદોંકિ દોંદોં, દાગડદિ દાગડદિકિ દ્રમકિ દ્રણરણદ્રેણવં ॥ ઝઝિઝઝૂંકિ ઝૂંઝૂં ઝૂણણ રણરણ નિજકિ નિજ જિન રંજનં ॥ સુર શૈલ શિખરે ભવતિ સુખદં, પાર્શ્વજિનપતિ મજ્જનં ॥ ૧ ॥ કટરેંગિનિ થૌંગિનિ કિટતિગિગડદાં ધુધુકિ ધુટ નટ પાટવં, ગુણગુણગુણગણ રણકિ ણોણોં, ગુણણ ગુણ ગણ ગૌરવં ॥ ઝુઝિઝૂંકિ ઝૂઝૂ ઝૂણણ રણરણ, નિજકિ નિજ જન સજ્જના ॥ કલયંતિકમલા કલિત કલમલ, મુકલમીસમહે જિના ॥ ૨ ॥ ઠકિ ઠેંકિ ઠેં ઠેં ઠદ્દિઠદ્દિ

કડદિ પટાતાડતે, તથ લોંકિ લોંલોં ત્રેખિત્રેખિનિંડે ખિડેખિ નિવાધતે, ઉંઉંકિ ઉંઉં થુંગિ થુંગિનિ ધોં ગિ ધોંગિણી કલરવે ॥ જિનમત મનંતં મહીમ તનુતા, નમતિ સુરનર મોચ્છવે ॥ ૩ ॥ ખુંદાંકિ ખુંદાં ખુખદૃદિખુંદા ખુખડદિ દાંદાં અંબરે. ચાચપટ ચચપટ રણકિગેગે, ડણુણડેંડંબરે ॥ તિહાં સરગમ મધુનિ નિધપ મગરસ, સ સ સ સ સ સુર સેવતા, જનનાટ્ય રંગે કુશલમુનિસં, દિસંતુ શાસન દેવતા ॥ ૪ ॥ ઈતિશ્રીજિનકુશલસુરિજીકૃત પાર્શ્વજિનસ્તુતિ ॥

ત્રોટક છંદ.

શુભ જૈન સહોદરને વિનવું, ભણતાં ગણતાં સદ્ગુણિ થવું; વળિ ગ્રંથ અનેક અનીતિતણા, નહિ વાંચે કદી પણ નાટકના ॥ ૧ ॥ શિખવા સદ્બોધ ધરો મનમાં, જિનધર્મ સુમર્મ ગ્રહો તનમાં ॥ મનરંજન ગ્રંથ અનેક દિસે, સદ્નીતિ તણા શણગાર વિષે ॥ ૨ ॥ ડરવા દિલ માંહ્ય અનીતિથકી, નિજ બાળકને શિખ દ્યો જનકી ॥ શુભ સાધન ધર્મ સદા સમજી, નિત નીતિ લહો નિશદીન સજી ॥ ૩ ॥ જગમાં જય આબરૂ તો મળશે, સદ્નીતિ સજી કહિજે રળશે ॥ જિન ધર્મવિષે પછિ ભાવ ધરો, ભવ પાર જશે જન જન્મતરી ॥ ૪ ॥

॥વધાઇ ॥ આજ શ્યામ મોહિ લીનો બંસરી બજાઇકેં ॥ એ રાગ ॥ વીર પ્રભુ જન્મભએ વાજિંત વધાઇ, ચોસઠ ઇંદ્રતણાં આસન ડોલાઇ ॥ વીર૦॥ ૧॥ ટેક ॥ ગ્યાનસેંતિ જન્મ જાણી મેરૂ ગિરિ આવે ॥ પ્રભુનેઉછંગે લેઇને ન્હવણ કરાવે ॥ વીર૦ ॥ ૧ ॥ પૂજાકરી પ્રભુ લેઈ જનની પાસે ઠાવે, નંદીસરદ્વીપ જઇ હરખ વધાવે ॥ વી૦ ॥ ૨ ॥ સબ સખીયન મિલ મંગલિક ગાવે, વીતરાગ દાન માન મોતીકિવધાવે ॥ વી૦ ॥ ૩ ॥ ધન દિન આજ મેરો હરખ વડાઇ, જયજયકાર ભયો ફિરત દુહાઇ ॥ વી૦ ॥ ૪ ॥ કલ્યાણ નિધાન પ્રભુ દર્શન પાયો, જનમ જનમના તો પાતક ગમાયો ॥ વી૦ ॥ ૫ ॥ ઇતિ પદં ॥

## ॥ સર્વોપયોગી નીતિ વાકય પ્રારંભ ॥

૧ હરેક પણ કાર્ય અતિશય વર્જવું.

૨ હાથી થકી એકસો હાથ વેગળા રહેવું.

૩ ઘોડા થકી એક હજાર હાથ વેગળા રહેવું.

૪ જ્યાં વૈરી ઘણા હોય તે સ્થાનક તથા દેશ વર્જવો.

૫ અવસર ઓળખી કાર્ય કરવું.

૬ સ્ત્રી, પુત્ર તથા દાસ પ્રમુખનાં અથવા ચેલાનાં પણ તેને દેખતાં પોતેં વખાણ કરવાં નહીં.

૭ માતપિતા, ગુરૂ તથા મોટા પુરૂષનો વિનય ચૂકવો નહીં. અને સામું બોલવું નહીં

૮ કામ પૂરતું ધન આપી સંતોષ ધરવો.

૯ હરેકબી કાર્યે સિંહની પેઠે સૂરવીર થઈ કરવુ.

૧૦ હરેક કાર્યમાં ધૈર્ય ધારણ કરવું.

૧૧ હરેક વસ્તુ સંગ્રહી રાખવી.

૧૨. શ્વાનની પેરેં ઘણું અથવા થોડું મલે સંતોષ કરવો.

૧૩ દુર્દશામાં સાસરે જવું નહીં.

૧૪ બાલકનું પણ હિતનું વચન ધારવું.

૧૫ નીચ સ્થાનકથી પણ સુવર્ણ લેવું.

૧૬ કલેશ સ્થાનકે મૌન ધારવું.

૧૭ દુર્દશામાં પણ અનુચિત કરવું નહીં.

૧૮ ઘી, તેલ, દહીં, દુધ, પ્રમુખ ઉઘાડાં મુકવાં નહીં.

૧૯ રોજગાર વિનાનો દેશ તજવો.

૨૦ વિઘ્નવાલો રોજગાર તજવો.

૨૧ માતા, બેન, પુત્રી એ સાથે એક આસનેં ન બેસવું.

૨૨ મૂર્ખને મૂર્ખની રાજી મુજબ વર્તી વશ કરવો.

૨૩ પંડિતને તત્વ બોધથી વશ કરવો.

૨૪ ક્રોધીને નમ્રતાથી વશ કરવો.

૨૫ વિવાદ, વિવાહ, વિચાર અને વિદ્યાભ્યાસ, એ પોતા સરખા હોય તેની સાથેજ કરવો.

૨૬ પૃથ્વી જોઇને પગ મૂકવો.
૨૭ આખા કુળનો બચાવ થાય તો એક જીવ તજવો.
૨૮ આખા દેશનો બચાવ થાય તો એક કુળ તજવું.
૨૯ આપદા દૂર કરવાને અર્થે ધનનું રક્ષણ કરવું.
૩૦ ધન જાતાં પણ સ્ત્રીનું રક્ષણ કરવું.
૩૧ ધન અને સ્ત્રી જાતાં આત્માને રાખવો.
૩૨ વિદ્યા સહિત મરવું પણ કુશિષ્યને ન દેવી.
૩૩ પોતાનું ધન પરહસ્તે ન રાખવું.
૩૪ સ્વામીની પ્રકૃતિ મુજબ વર્તવું.
૩૫ ભયકારી ગામમાં વ્યાપાર ન કરવો.
૩૬ ક્ષત્રીને ઘણું કરી નાણું ધીરવું નહીં.
૩૭ કરીઆણું, મૂલ હાથ આવેથી વેચવું પણ ઘણું કરીને ઉધાર ન આપવું.
૩૮ આપણા રૂપિયાથી પરનો માલ વધારે રાખીને રૂપિયા વ્યાજે આપવા.
૩૯ કદાપિ ઉધારે દેવું પડે તો વિશ્વાસીને આપવું.
૪૦ વ્યાજનો અતિ લોભ ન કરવો.
૪૧ આપણી ઉપર દ્રવ્ય માગનારથી કલેશ ન કરવો.
૪૨ ઉદ્યમી, સુશીલ, સત્યવાદી, લજ્જાવંત એવા પુરૂષ સાથે વ્યાપાર કરવો.
૪૩ વ્યાપારમાં પેહેલાં દ્રવ્ય ખરચતાં કૃપણતા તજવી.
૪૪ હરેક પણ મોટા કાર્યમાં જો શક્તિ ન હોય તો મોટાનો આશ્રય કરવો.

૪૫ રોજ મેળ ચોખ્ખો રાખવો.
૪૬ ખાતરીદારને કીલિદાર કરવો.
૪૭ નશો ટોટો રોજ, સંભાળવો.
૪૮ રાજ, લોક, દેશ અને કુલ વિરૂદ્ધ કાર્ય વર્જવું.
૪૯ સાચું અને ગમતું સ્વામી આગલ બોલવું.
૫૦ ખત વિના થાપણ ન મૂકવી.
૫૧ થાપણ મકેલી સ્ત્રી, પુત્રને તથા સારા માણસને અને મિત્રને ચેતવવી.
૫૨ કોઈપણ વસ્તુ રાખવી તો જોઈને રાખવી.
૫૩. ઉઘરાણી ચાંપીને કરવી.
૫૪ સાક્ષી ખોટી ભરવી નહીં.
૫૫ જાણીતો માર્ગ મુકી અજાણ્યે માર્ગે ન જવું.
૫૬ પોતાની સાથેના પુરૂષ ઉપર કષ્ટ પડે તો નાશી જવું નહીં.
૫૭ પરદેશ જતાં સર્વ વાત સગાં પ્રમુખને ચેતવવી.
૫૮ રોગી, વૃદ્ધ, બ્રાહ્મણ, અશ્વ, ગાય, માથે રાજા, ગર્ભવંતી અને ભારઉપાડનાર એટલાને રોકવા નહીં, માર્ગ આપવો.
૫૯ રાત્રે ઝાડના થડમાં સુવું નહીં.
૬૦ સંબળ વિના બે ગાઉ પણ પરદેશ જાવું નહીં.
૬૧ વાસ કરવો ત્યાં ઘણું ઊંઘવું નહીં.
૬૨ જુના વાહાણમાં બેસવું નહીં.
૬૩ કોઈના ઘરમાં અજાણે માર્ગે ન પેસવું.
૬૪ ક્રોધી, કૃપણ, આળસુ, વ્યસની એટલાનો સાથ ન કરવો
૬૫ બંધન સ્થાનકે, વધ સ્થાનકે, દ્યૂત સ્થાનકે, ભંડાર પાસે અંતે ઉરમાં, કલાલખાને ન ઉભું રેહેવું.
૬૬ પિતાનું વચન સાંભળી અણ સાંભળ્યું ન કરવું.
૬૭ બુદ્ધિ હોય તોપણ પિતાને પૂછી કામ કરવું.

૬૮ માતા પિતા આગળ જુઠું ન બોલવું.
૬૯ પિતાને મન ગમતું કાર્ય કરવું.
૭૦ કામ પુરતું ધન સ્ત્રીને પણ આપવું.
૭૧ સ્ત્રીને જોઇતાં આભૂષણ પણ કરાવવાં.
૭૨ વાંકવગર સ્ત્રીને મારકુટ ન કરવી તેમજ કટુક વચન ન કહેવાં.
૭૩ સ્ત્રીઓને ખોટી સ્ત્રીઓના ટોળામાં પણ ન જવા દેવી.
૭૪ સ્ત્રીને ઘરમાં કામથી નવરી થવા દેવો નહીં
૭૫ અલ્પ વાંકથીજ સ્ત્રી ઉપર શક લાવવો નહીં.
૭૬ બે ચાર સ્ત્રી હોય તો સહુપર સમદષ્ટિ રાખવી.
૭૭ પુત્રને પાંચ વરસ પછી વિદ્યા તથા કળા ભણાવવી.
૭૮ પુત્રને ખોટી સોબતથી છોડાવવો.
૭૯ પુત્રને કુલીન કન્યાથી પાણીગ્રહણ કરાવવું.
૮૦ સમજણો થએથી પુત્રને ઘરનો ભાર સોંપવો.
૮૧ પુત્ર ઉપર નજરનો અંકુશ રાખવો.
૮૨ પુત્ર પાસે ધનનો હિસાબ લેતા રહેવું.
૮૩ ઉંડા પાણીમાં પેસવું નહીં.
૮૪ નખથી તણખલાં તોડવાં નહીં.
૮૫ લોહીમાં, તેલમાં, પાણીમાં, પીશાબમાં, અને શસ્ત્રમાં મુખ જોવું નહીં.
૮૬ નખથી દાંત ઘસવા નહીં.
૮૭ આખો દિવસ દાઢી ચુંટવી નહીં.
૮૮ ફરતાં ફરતાં ખાવું નહીં તેમ સુતાં સુતાં પણ ખાવું નહીં
૮૯ મુર્ખ, અધર્મી, પાખંડી, તપસ્વી, રોગી, ક્રોધી, ચંડાળ એટલાના પડોશ તજવા.
૯૦ બીજે ત્રીજે પહોરે વૃક્ષ ધ્વજાદિકની છાયા ઘર ઉપર પડ

ની હોયતો તે ઘર તજવું.

૯૧ થોડા માટે ઘણું ગમાવવું નહીં.

૯૨ પોતાના સુખને માટે ન્યાય ઉલ્લંઘવો નહીં.

૯૩ વેશ્યાઓના વચનનો. વિશ્વાસ ન કરવો.

૯૪ દ્યૂત રમી ચોરી કરી દ્રવ્યની આશા ન કરવી.

૯૫ બુદ્ધિ વિના મોટું કામ કરવું નહીં.

૯૬ વર જોયા વિના કન્યા આપવી નહીં.

૯૭ દેખાતો અર્થ મરડવો નહીં.

૯૮ બલવંતથી બાથ ભીડવી નહીં.

૯૯ બીજાને સારે જોઇ પોતે દ્વેષ કરવો નહીં.

૧૦૦ લાભ થતી વેળા કલેશ કરવો નહીં.

૧૦૧ યાચકના વખાણથી ગર્વિષ્ટ થવું નહીં.

૧૦૨ મૂર્ખને કહે કોઇ કામ ન કરવું.

૧૦૩ થોડા દ્રવ્યે ઘણો આડંબર ન કરવો.

૧૦૪ સુવાના, ખાવાના, સભાના, ઠલેના, પૂજાના, વસ્ત્ર જૂદા રાખવાં.

૧૦૫ ગર્ભવતી, રોગી, વૃદ્ધ એટલાને પેહેલા જમાડવાં.

૧૦૬ રોગ. વીષ. વૃક્ષ, અને શત્રુ એને મૂલથી ઉખેડવા.

૧૦૭ કોઈ વાત ખબર વગર કહેવી નહી.

૧૦૮ ઉપસર્ગમાં, પરચક્રના ભયમાં, દુષ્કાળમાં, મયેના સ્થાનમાં અને દુષ્ટ પુરૂષ મેલાપમાં ચતુર પુરૂષે ત્યાંથી નાસવું.

૧૦૯ બાળકથી આળ કદિ ન કરવી.

૧૧૦ નિદ્રા પ્રાપ્ત અશ્વ, મદોન્મદ હસ્તી, પ્રથમ પ્રસવેલી ગાય અને અંતે ઉરમાં ગયેલો રાજા એટલાને દૂરથી વર્જવા.

૧૧૧ કોઈપણ પુરૂષને દુઃખના સ્મરણમાં ધૈર્ય આપવું.

## આ પુસ્તકને આગલથી આશ્રય આપનાર સાહેબોનાં નામ પુસ્તકનાં અંક સુધાં નીચે દાખલ કરચા છે.

૫૫ શા. ઊમરશી મોનશી રે વાશી શ્રી કચ્છ મધે ગામ કોડા.
૫૧ શ્રી જામનગર જૈન પાઠ શાળા.
૪૧ શ્રી વિક્રમપુર - જૈન પાઠશાળા.
૩૧ શા. વીરજી લધા.
૨૫ શા. કસ્તુર હીરાચંદ
૧૬ શા. બુદ્ધમળ તળાજી રાંકા
૧૭ શા. ચુનીલાલ ધરમચંદ
૧૦ શા. મોતીચંદ ગુમાનચંદ
૫ શા. ગોરધન મોતીચંદ
૫ શા. કરમચંદ ચાંપશી
૫ શા. પરશોતમ મયાચંદ
૫ શા. દેવીચંદ જમનાદાસ
૫ શા. નાનાભાઈ માવજી
૫ શા. વીરચંદ કસ્તુરચંદ
૫ શા. નથુ નાનચંદ
૫ શા. કાળીદાસ મંગળજી
૫ શા. દેવીચંદ જીતમળ
૫ શા. ખુશાલચંદ કાશીદાસ
૫ શા. ખુશાલચંદ હુરખચંદ
૫ શા. નાનચંદ પરશોતમ
૫ શા. વિમળશી મોતીચંદ
૫ શા. કલ્યાણજી પાનાચંદ
૫ શા. પાનાચંદ જીણાભાઈ
૫ શા. માણસિંગ નેમચંદ
૫ શા. રતનશી પરબત
૫ શા. રાએશો લીલાધર
૫ શા. ત્રીકમજી હંસરાજ
૫ શા. છોટાલાલ પાનાચંદ
૫ શા. છોટાલાલ વરધમાન
૫ શા. નગીનદાસ માણકચંદ
૫ શા. હીરાલાલ ઝવેરી
૫ શા. લખમીચંદ ધારશી
૫ શા. જેરાંગભાઇ રવચંદ
૫ શા. લલુભાઇ છગન
૫ શા. કરમચંદ લલુભાઈ
૫ શા. છગન અમરશી
૫ શા. માધવજી કમળશી
૧૧૫ શા. પરચુરણ ૧૧૫

૪૨૯

**જૈન સ્તવનાવળી ભાગ ૨ જો સમાપ્ત.**

# પ્રસ્તાવના.

॥ દોહા ॥

પાર્શ્વ પ્રભૂની કૃપા થકી, પૂરણ થઇ મન કામ;
મન રંજન સ્તવનાવલી, જૈનપ્રકાશક નામ. ૧
સજ્જન સહુ કે હિત ભણિ, કરવા ધરમ અભ્યાસ;
સ્તવન રાગ સંગ્રહ કરી. પ્રગટચો જૈનપ્રકાશ. ૨

સજ્જનો, આ જૈનપ્રકાશક મંડલી સ્થાપન કરવાનું કારણ અંતઃકરણમાં એટલુંજ છે કે આજ કાલમાં આપણાં કેટલાક માણસોને નાટક જોવાની અને ગાવાના ટેવ બહુ પડી છે તેથી તેમનો આત્મા પાપ રૂપી મેલમાં ભરાય છે, તે જોઇને તે દુર્ગતિદાયક ગાયનો દૂર કરવા નિમિત્ત, એજ રાગોમાં શ્રી જિનેશ્વરની સ્તુતિના સ્તવનો કરીને પરમેશ્વર આગલ ગાયન કરી પોતાનું મન ખુશી કરવું અને પાપરૂપી મેલથી આતમાને નિર્મલ કરવો તે સારૂ જૈનપ્રકાશક મંડલી સંવત્ ૧૯૪૧ ના ચૈત્ર શુદિ પૂનમે સ્થાપન કરવામાં આવી છે અને સહુ સજ્જનોના કહેવાથી હમારી મંડલીના બનાવેલા તથા બીજા સ્તવનોનો સંગ્રહ કરીને જૈનપ્રકાશક સ્તવનાવલીનો પહેલો ભાગ સંવત ૧૯૪૧ ના દ્વિતીય જ્યેષ્ઠ શુદિ પ્રતિપદાને દિવસે છાપી બાહેર પાડચો તે થોડા દહાડામાં પુસ્તક ખપી

જવાથી અને ફરીથી આ બીજો ભાગ છાપી બાહેર પાડવાની ઊત્કંઠા થઇ હતી, તે પણ કેટલાએક જૈન ભાઇઓની તરફથી પૂરણ આશ્રય મલવા થકી હાલ માં પાર પાડી છે. આ બીજો ભાગમાં સુંદર નાટકના રાગ, ઠુમરી, કેરબો, દાદરો, ગજલ, લાવણી, ગરબા, વણઝારો અને હોરી વગેરે રાગોમાં ગવાતાં સ્તવનો અને વલી કેટલાએક નીતિ સંબંધી છૂટા બોલોનો સંગ્રહ કરીને છાપ્યાં છે, તે સર્વ વિવેકી જૈનો આ પુસ્તક ખરીદ કરીને હ ારી મંડલીના ઊત્સાહી મેમ્બરોને સંપૂર્ણ ઉત્તેજન આપશે કે જેથી વલી બીજા પણ કેટલાએક ઉપયોગી ગ્રંથોનો સંગ્રહ કરીને તુરતજ આ પુસ્તકનો ત્રીજો ભાગ હમારા તરફથી છપાઇને બાહેર પાડવામાં આવશે.

આ પુસ્તકના વાંચનાર સજ્જનોને નમ્રતાથી પ્રાર્થના કરિયેં છીએં કે હમારી દૃષ્ટિ દોષથી તથા અલ્પમતિને લીધે જે કાંઇ ભૂલ ચૂક દીઠામાં આવેતો ગુણજ્ઞ સજ્જનો હમારીપર કૃપાદૃષ્ટિ રાખી સુધારીને વાંચશોજી.

જૈનપ્રકાશક મંડલી.
મુંબઇ બંદર.

# જાહેર ખબર.

આ પુસ્તકના સુજ્ઞ ગ્રાહકોને સૂચના કરવામાં આવે છે કે આ ચોપડીનું સ્વલ્પ મૂલ્ય જાણીને જ્યાં ત્યાં રખડતી મૂકવી નહીં પરંતુ બહુમાન પૂર્વક સારી રીતે સંભાલ કરી સાચવી રાખવી કે જે થકી જ્ઞાનની આશાતના થાય નહીં. જ્ઞાનની આશાતના કરવાથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે તેના યોગે જીવને અજ્ઞાનપણાની પ્રાપ્તિ થાય છે.

આ ચોપડી વચલા ભોઇવાડાના નાકા ઉપર શ્રી ચિંતામણજીના દેરાસર મધ્યે કેશરીચંદ ગોપાલચંદ પાસેથી રોકડી કિમ્મતે મલશે. બાહેરગામના ગ્રાહકોને ટપાલ ખરચ જુદું આપવું પડશે.